સલામી સવારની..

સુપ્રભાતમ્
સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

વકીલો, લગભગ અસત્યને જ, સાથમાં લે છે
ધનિક ગુનેગારોને તો વકીલો બાથમાં લે છે,
સંગાથ લે છે એ કાયદાનાં જ નબળાં છિદ્રો નો -
ન્યાય માટે લડનારા જ કાયદો હાથમાં લે છે...
(તીસ હજારી કુરુક્ષેત્ર)

હાઈકુ

ખેડૂ ફેલાવે -
લ્યો ! 'પરાળી' આતંક -
મુંઝાઈ મરો !
(પણ અમારું ત્રભાણું ભરો..)

દિલ્હીમાં થાય -
આમેય ગૂંગળામણ -
નેતા નિવાસો...
(પ્રતિબંધોનું પ્રદૂષણ)

ચિંતન

ઈન્દ્ર પ્રેહિ પુરસ્ત્વં વિશ્વસ્યેશાન યોજસા ।
વૃત્રાણિ વૃત્રહં જહિ ॥

ઉપરોક્ત શ્લોક અથર્વવેદમાંથી લેવામાં આવેલ છે.

આપણે શક્તિશાળી બનીએ, જેથી ઉન્નતિના માર્ગમાં જે કોઈ વિઘ્નો આવે તેમની સામે લડી શકીએ.

જીવનમાં આપણી ઈચ્છા અનુસાર જ બધી પરિસ્થિતિઓ બનતી જાય અને દરેક વ્યક્તિ આપણી મરજી પ્રમાણે જ કાર્ય કરે એ અશક્ય છે અને તડકો છાંયડો, દિવસ-રાત, અનુકૂળતા-પ્રતિકૂળતા બધું જ અહીં છે. જો આપણને અગવડતા, પ્રતિકૂળતા અને અસફલતાનો કદીય સામનો જ ન કરવો પડે, તો આ જીવન નિરસ થઈ જાય. પ્રગતિ અને હરીફાઈ માનવજીવનના વિશેષ ગુણ છે. અને તેમના લીધે જ તેમાં સરસતા છે.

પરિસ્થિતિઓ સામે સંઘર્ષ કરવાથી જ પ્રગતિ શક્ય બને છે. મુશ્કેલીઓ, અભાવો, પ્રતિકૂળતાઓ અને સંઘર્ષોનું સર્જન એટલા માટે થયું છે કે તેમની સાથે અથડાઈને મનુષ્ય પોતાની ક્ષમતા અને પ્રતિભાનો વિકાસ કરતાં કરતાં આત્મબળ અને મનસ્વિતાની મહાન સમૃદ્ધિઓ ભેગી કરી શકે.

સુવિચાર

- સંપત્તિ સુખ નહીં માત્ર સગવડ આપે છે,
  સુખ સાચા સંબંધોની પૂંજીથી મળે છે - **અખંડ આનંદ**
- કયો સમુદ્ર મોજા વિનાનો છે ? કયો માણસ દોષ વિનાનો છે? - **મલેશિયન કહેવત**
- પ્રાયશ્ચિત કરનારો એ સાબિત કરે છે કે હજી તેનામાં માણસાઈ છે - **અનિલ દલાલ**
- તરબૂચનું બીજ, પણ પતિ-પત્ની વચ્ચે ઝઘડો કરાવી શકે છે - **ફારસી કહેવત**
- શ્રદ્ધા વિકૃતિ પામે ત્યારે ઝનૂન બની જાય છે,
  ઝનૂની માણસ એવું માને છે કે હું જે માનું છું તે બીજાઓને પણ માનવું જોઈએ - **એસ. ભટ્ટાચાર્ય**
- મુશ્કેલી ઊભી કરે તેવા સત્ય કરતા તો સારું એ જૂઠાણું છે જે નીતિયુક્ત હોય છે - **શેખ સાદી**
- આજનું ઔષધ : સાકરને પાણીમાં ઘસી તે ઘસારો સાર-સાંજ આંખમાં આંજવાથી આંખોનું તેજ વધે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

સર વોલ્ટર સ્કોટ નાટ્યકાર, કવિ, નવલકથાકાર અને જજ પણ હતા. જયારે તેઓ ત્રીસેક વર્ષના યુવાન હતા ત્યારે જોશમાં અને હસતા રહેતા. એકવાર પોતાની મસ્તીમાં ચાલતા જતા હતા હાથમાં કાચની બોટલ હતી. તે એક કૂતરા તરફ છૂટ્ટી મારી. કૂતરાનો પગ ભાંગી ગયો. વેદના ન સહન થવાથી કૂતરું ચીસ પાડી ઉઠ્યું. કૂતરાને કયાં વાચા હતી કે તે માણસ સામે ફરિયાદ કરી શકે. થોડીવાર પછી એ કૂતરું લંગડાતું આવી સ્કોટના બગીચામાં બેસી ગયું. સ્કોટ બગીચામાં ગયા તો જાણે કંઈ બન્યું જ નથી તેમ નિર્લેપભાવ કૂતરું તેમના પગ ચાટી પૂંછડી પટપટાવવા લાગ્યું. કૂતરાનું આવું સદ્‌ભાવનાવાળું વર્તન જોઈને લેખકનું હૃદય દ્રવી ઊઠ્યું. તેમણે વિચાર્યું કે, 'જો આ કૂતરાને બદલે કોઈ માણસને આ બોટલ વાગી હોત તો તે મારી સાથે પોતાની શક્તિ મુજબ જરૂર લડી લેત. પરંતુ જેને 'પશુ' કહીએ છીએ. એ પણ મારા જેવા ગુનેહગાર પ્રત્યે કેવું માયાળું વલણ દાખવે છે !' આંખમાં આંસુ સાથે તેમણે કૂતરાને ખોળામાં લીધું અને કહ્યું, 'પ્રિય મિત્ર! મેં તને ઈજા પહોંચાડી ને તારો જે મોટો ગુનો કર્યો છે એ બદલ ઉદાર દિલે મને માફ કરજે. આજ પછી હું પ્રતિજ્ઞા લઉં છું કે કોઈ પણ પ્રાણી પ્રત્યે આવું વર્તન નહીં કરું.' સર વોલ્ટર સ્કોટે પોતાની આત્મકથામાં પ્રસંગ વર્ણવી લખ્યું છે કે આ પ્રસંગ પછી હું પ્રેમનો પદાર્થ પાઠ શીખ્યો અને મારા જીવનમાં મેં પરિવર્તન આણ્યું હતું.

'મહા' પછી નવી સમસ્યા ડુંગળી ને શાકભાજી

'ગરીબોની કસ્તૂરી'માંથી 'અમીરોની અંગૂઠી' બનેલી ડુંગળી ફરી એકવાર સમાચારમાં છે. કમોસમી વરસાદની અસર રાજ્યભરમાં થઈ છે અને ખેડૂતો પર તો માઠી અસર થઈ છે. ડુંગળી અને શાકભાજી પકવતા ખેડૂતોને માથે ખરેખર આભ ફાટી પડ્યું છે. અહેવાલો જણાવે છે કે સૌરાષ્ટ્ર સહિત રાજ્યના અનેક વિસ્તારોમાં વરસેલા કમોસમી વરસાદને કારણે ડુંગળી અને શાકભાજી ઉગાડતા ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. ભાવનગર, મહુવા, તળાજા, મોરબી અને ગોંડલમાં પડેલા કમોસમી વરસાદને કારણે ડુંગળીનો પાક પણ બગડ્યો છે અને ઉતારેલી ડુંગળી પણ બગડી ગઈ છે.

આ કારણે બજારમાં ડુંગળીનો માલ ૩૦થી ૪૦ ટકા જેટલો ઓછો આવ્યો છે અને સ્વાભાવિક રીતે જ માંગ અને પૂરવઠા વચ્ચેનું અંતર વધી જતાં ડુંગળીનો ભાવ વધી રહ્યો છે. હોલસેલ ભાવે ડુંગળી હાલ ૨૮થી ૪૦ રૂપિયે કિલો વેચાઈ રહી છે અને છૂટક બજારમાં તેનો ભાવ ૭૦ રૂપિયા સુધી પહોંચ્યો છે.

અન્ય શાકભાજીના કિસ્સામાં પણ આ જ થયું છે. હોલસેલ બજારમાં ફ્લાવર ૧૦થી ૧૨ રૂપિયે, દૂધી ૭થી ૮ રૂપિયે, ડામેટાં ૧૮થી ૨૦ રૂપિયે અને કોથમીર ૨૦થી ૨૫ રૂપિયે કિલો વેચાઈ રહી છે. મતલબ કે શાકભાજી પણ ડુંગળીની જેમ મોંઘું થયું છે અને આગામી દિવસોમાં મોંઘું થશે એવા સ્પષ્ટ આસાર છે.

ડુંગળીના વધતા ભાવની અસર માત્ર ગુજરાતમાં જ છે એવું નથી. દેશની રાજધાની દિલ્હીમાં પણ ડુંગળીના ભાવની બૂમો પડી છે. દિલ્હીમાં ડુંગળીનો ભાવ પ્રતિ કિલોગ્રામ ૧૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે ને એ કારણે દિલ્હીવાસીઓની તથા તંત્રની નજર પણ પ્રદૂષણ પરથી હટીને ડુંગળી પર સ્થિર થઈ છે. ગત થોડા માસ દરમિયાન દિલ્હીમાં ડુંગળીના ભાવમાં આ બીજી વખત વધારો જોવામાં આવ્યો છે. ગત એક સપ્તાહમાં જ ડુંગળીના ભાવ ૪૫ ટકા વધીને ૮૦ રૂપિયે કિલોગ્રામ જેટલા થઈ ગયા છે. સરકારી આંકડાઓ મુજબ ગત ઑક્ટોબર માસમાં ડુંગળીનો ભાવ ૫૫ રૂપિયા જેટલો હતો, જે આજે ૧૦૦ રૂપિયા સુધી પહોંચી ગયો છે. ગત વર્ષ કરતાં આ ભાવ ત્રણ ગણો વધ્યો હોવાનું સરકારી આંકડાઓએ નોંધ્યું છે.

તંત્રીસ્થાનેથી...

મોટા વેપારીઓનું કહેવું એમ છે કે ડુંગળીનો ભાવ હજુ વધશે. હાલ ૧૦૦ રૂપિયે વેચાતી ડુંગળી ૧૨૦ રૂપિયા સુધી જઈ શકે છે.

અલબત્ત, આ દરમિયાન કેન્દ્રીય ખાદ્ય મંત્રી રામવિલાસ પાસવાને સત્તાવાર રીતે એવી જાહેરાત કરી છે કે ડુંગળીના ભાવને કાબૂમાં લેવા માટે કેન્દ્ર સરકાર નક્કર પગલાં લઈ રહી છે, પરંતુ ડુંગળીના ભાવને કાબૂમાં આવતાં નવેમ્બર મહિનો પસાર થઈ જશે ! મતલબ... હજુ તો નવેમ્બર મહિનો શરૂ જ થયો છે, પૂરો થતાં સુધીમાં ડુંગળી ચોક્કસ રોવડાવશે એ વાત નિયત થઈ ગઈ છે.

દિલ્હીમાં ડુંગળીના વધતા ભાવ તંત્રના ધ્યાને આવ્યા છે, પરંતુ ગુજરાતમાં હજુ સુધી ધ્યાન ડુંગળી પર ગયું નથી. ગુરુવારે 'મહા'ની મુસીબત ટળી જાય પછી રાજ્ય સરકાર માટે ડુંગળી ને શાકભાજી મહત્ત્વના મુદ્દા બની રહેવાના છે એવા આસાર પણ દેખાઈ રહ્યા છે.

રિટેલ વેપારીઓ અને ખેડૂતોની કાયમની જેમ એક જ સમસ્યા છે કે પરિસ્થિતિ કોઈપણ હોય, વચેટિયાઓ મલાઈ ખાઈ રહ્યા છે. લોકોની આંતરડી ઠારવી હોય તો સરકારે આ મલાઈખોરોને નાથવા જ રહ્યા !

આપણે નવા વર્ષે સંકલ્પ કરીએ કે, મીઠા રહીશું, મધુર રહીશું, મધુરપ વહેંચશું, સુકુન બાંટીશું...

અબીલ-ગુલાલ
મમતા રાવલ

વિક્રમ સંવત ૨૦૭૬ શરૂ થઈ ચૂક્યું છે. નવા વર્ષે ' અબીલ - ગુલાલ ' ના માધ્યમથી પ્રથમવાર મળી રહ્યા છીએ ત્યારે આપ સહુ વાંચક મિત્રોને નવા વર્ષની શુભેચ્છા પાઠવું છું.

અત્યંત વ્યસ્તતાથી ભરપૂર, થકવી નાંખે એવો છતાં હર્યા-ભર્યા ઓક્ટોબર માસે હમણાં જ વિદાય લીધી, ગત ગુરુવાર એટલે કે ' અબીલ - ગુલાલ ' પ્રકાશિત થવાના દિવસે તારીખ ૩૧ ઓક્ટોબર હતી...ત્યારે લખવા માટે મનમાં કેટલાક વિચારો ઘુમરાતા હતા. જે આજે પણ એટલા જ સંગત છે...

- **આ સાથે પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળીશું અને ટ્રાફીકના નિયમોનું ચુસ્ત પણે પાલન કરીશું.**
- **સંભારણામાં શકિત છે જીવડવાની...અને માઠા સંભારણા બોજ છે જીવનનો, એને વેંઢારવામાં કોઇ ડહાપણ નથી...ત્યાં જ અટકીને માફીની માગણી દ્વારા આ બોજ હળવો કરી શકીએ તો તમામ પક્ષે શાંતિ સ્થપાય.**

ઓક્ટોબર માસની શરૂઆત, ૨ જી તારીખે ગત્ સદીના મહાનાયક પૂ. ગાંધીજી અને શ્રીલાલબહાદુર શાસ્ત્રીજીના જન્મ દિવસથી અને અંત સરદાર પટેલના જન્મદિન થી થાય છે. આજ દિવસે પૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઈન્દિરાગાંધીની પુણ્યતિથી પણ આવે છે. ઓક્ટોબર માસમાં મહાન અભિનેતા શ્રી અમિતાભ બચ્ચન, સફળ ફિલ્મ અભિનેત્રી રેખા અને હેમા માલીનીજીના જન્મદિન પણ આવ્યા, પાશ્વગાયિકા અનુરાધા પૌડવાલનો જન્મદિન પણ આજ માસમાં હતો. આ વર્ષે આજ માસમાં નવરાત્રી અને દિવાળી બે મોટા અને લાંબા ચાલનારા તહેવારો પણ ઊજવાયા. શ્રી પાંડુરંગ આઠવલેજીની ૧૦૦મી જન્મ જયંતિ નિમિત્તે એમના માનમાં ઘોષિત ' મનુષ્ય ગૌરવ દિવસ ' પણ ૧૯ઓક્ટોબરના રોજ ધામધૂમથી ઊજવાયો.

આવા અનેક મહત્વના દિવસો, તહેવારોથી હર્યો-ભર્યો રહ્યો આ માસ !! આપણે ટ્રેનમાં બેઠા હોઈએ દરેક સ્ટેશન પર ટ્રેન ઊભી રહે અને દરેક સ્ટોપ પર આપણને નીચે ઊતરી, હરી ફરીને પાછા ટ્રેનમાં બેસવાનું કહેવામાં આવે. ત્યારે ભલે મુસાફરી ટ્રેન કરે છે પણ થાકી આપણે જઈએ. એમ આપણે એક જ વ્યક્તિ આ દરેક મહત્વના અવસરોને સાચવીને માસના અંતે સંતોષ સાથે હાશકારો અનુભવી રહ્યા હોઈશું. કંઈક સારા, કંઈક માઠા સંભારણાઓ સાથે હિંદુ નવા વર્ષમાં આપણે પ્રવેશ લઈ લીધો છે.

આજે આ નવા વર્ષના પ્રથમ લેખમાં મને કોઈ એક વિષય પર વાત કરવાનું મન થતું નથી...આ બધા જ મહત્વના દિવસો જેનો મેં ઉલ્લેખ કર્યો...ત્યાં-ત્યાં અને એ સિવાયના તમારા અંગત સારા-માઠા સંભારણા પર તમારું મન અટકે...સારા સંભારણાને વાગોળે...માઠાને વખોડે...એનું એનાલીસીસ કરે. એમાં જાતની અંદર ઝાંકે એ પૂરતું છે.

વર્ષ વીતી ગયું...આપણા આયુષ્યમાં લખાયેલી જોવાની દિવાળી માંથી એક વધુ દિવાળી વીતી ગઈ. આ વર્ષની વીતેલી મહત્વની ઘટનાઓ માંથી ઘણું પામ્યા હોઈશું..કંઈક ખોવાયું હશે...ઘણું શીખ્યા હોઈશું...ઘણું કમાવાની સાથે ગુમાવ્યું પણ હશે...ક્યાંક નવું ઉમેરાયું હશે તો ક્યાંક કોઈક ખોટ પણ પડી હશે. આ દરેક બાબત જેનો ઉલ્લેખ કરું છું એ દરેક શબ્દોને માત્ર આંખોથી નહીં, મનની નજરથી એના પર દ્રષ્ટિ નાંખીશું તો વીતેલા દિવસો એક ફિલ્મની પટ્ટીની જેમ નજર સમક્ષથી પસાર થશે. મનના જ રીમોટથી જ્યાં પોઝ લેવા જેવો લાગે ચોક્કસ લેજો. અને જોઈ લેજો કે મારા દ્વારા આ જે-જે પણ થયું બધું યોગ્ય હતું કે નહીં, નિર્ણયોની યોગ્યતા તપાસતી વખતે તટસ્થ રહી શકીય એજ આપણી કસોટી...આપણા પરીક્ષક આપણે જાતે જ, પોતે જ બનીએ અને વધુ બહેતર બનતા જઈએ. આવું જ્યારે કરી શકીએ એજ આપણો 'મનુષ્ય ગૌરવ દિવસ'

તોરા મન દર્પન કહેલાયે...

જગ સે ચાહે ભાગ લે કોઈ..મનસે ભાગ ન પાયે...

માણસ હોવાનું ગૌરવ જીવવા માટે પ્રત્યેક ક્ષણ પરીક્ષા આપવાની થાય છે. આ માસમાં જન્મેલા જે પણ વિશેષ માનવોનો આગળ ઉલ્લેખ કર્યો એ તમામે પોતાની ક્ષતીઓ સાથે આંખ મિલાવી, જીંદગી સાથે કદમ મિલાવીને જીવનને હેતુ સભર બનાવ્યું અને વિશ્વ કક્ષાએ વિશેષ સ્થાન બનાવી શક્યા. ભૂલ થઈ હોય એ સુધારી લઈએ. માફી માંગી શકાય એમ હોય ત્યાં એવું ચોક્કસ કરીએ જ...એ આપણા જ ફાયદાની બાબત છે. સંભારણામાં શકિત છે જીવાડવાની...અને માઠા સંભારણા બોજ છે જીવનનો એને વેંઢારવામાં કોઈ ડહાપણ નથી...ત્યાં જ અટકીને માફીની માગણી દ્વારા આ બોજ હળવો કરી શકીએ તો તમામ પક્ષે શાંતિ સ્થપાય. આ ત્યારે જ શક્ય છે જ્યારે ખુલ્લાપણા સાથે મન સાથે વાર્તાલાપ કરવામાં આવે...

જીવન કેવું મસ્ત છે...મઝાનું છે...અમૂલ્ય છે. આ માનવ શરીરમાં ગોઠવાયેલા અંગો કેટલા ખૂબસૂરત છે !!! આંખ દ્વારા જોવાતાં સુંદર દ્રશ્યો આપણામાં ચેતન પ્રેરે છે...કાન દ્વારા સાંભળવામાં આવતું મધુર સંગીત, પંખીનો કલશોર, પાણીનું સંગીત મનના તારને ઝણઝણાવે છે...નાસિકા દ્વારા સુગંધની સરવાણી આપણી નસેનસમાં પમરાટ ફેલાવે છે...હાથ-પગ આપણી સેવામાં સતત હાજર જ છે. મન-હૃદયની તો વાત જ શું કરવી...જીવનની તમામ મધુરી બાબતો એની જ દેન છે. પણ આપણે એના દ્વારા કડવાશનું કલેશન સંકલ્પ કરીએ છીએ. મીઠા રહીશું...મધુર રહીશું...મધુરપ વહેંચીશું...સકુન બાંટીશું...

કીસીકી મુસ્કુરાહટો પે હો નિસાર...કીસીકા દર્દ મિલ સકે તો લે ઊધાર...

કીસીકે વાસ્તે હો તેરે દિલ મેં પ્યાર...જીના ઈસીકા નામ હૈ...જીના ઈસીકા નામ હૈ.

આ સાથે પ્લાસ્ટીકનો ઉપયોગ ટાળીશું અને ટ્રાફીકના નિયમોનું ચુસ્ત પણે પાલન કરીશું. સરકારે મોટર વ્હીકલ એક્ટમાં કરેલા સુધારા બાદ હવે તેનો કડક અમલ શરૂ થઈ ચૂક્યો છે. પોલીસ કમિશ્નરશ્રી એ કહ્યું છે ' પોલીસનો હેતુ દંડ વસૂલવાનો નહીં, લોકોની સુરક્ષાનો છે.' દંડ ભરવાનો થાય ત્યારે વસમું લાગે, ગુસ્સો આવે. પરંતુ વિદેશની આજ બધી બાબતો આપણે વખાણીએ છીએ-બીરદાવીએ છીએ. હેલમેટ-સીટ બેલ્ટ, જીવન સુરક્ષા-પરિવાર સુરક્ષા માટે અગત્યના છે. જ્યારે અન્ય બધા જ નિયમો અને ડોક્યુમેન્ટ્સનો આગ્રહ અનુશાસન-ડિસિપ્લીન સંદર્ભના છે. ગાંધીનગરમાં ટ્રાફિક સિગ્નલ્સ કે કેમેરાથી કોઈ ટેવાયેલું નથી. સિગ્નલ પાસે બધા થોભે તો છે. પણ ઝીબ્રા ક્રોસીંગની અંદર બાજુ વાહન ઊભું રાખવું કે ડાબી સાઈડ વળનાર વાહન માટે જગ્યા ખાલી રાખવી એ સભાનતા કેળવાતી નથી. કેટલી જગ્યાએ પોલીસ બેરીકેટ્સ મૂકે છે. પણ ક્યાં સુધી આવી જરૂર પડશે !!! સગીર બાળકો લાયસન્સ વિના વ્હીકલ લઈને નીકળી પડે...બિલકુલ ન ચલાવી લેવાય એવી બાબત છે. પોલીસ દ્વારા સમજાવટથી અમલના પ્રયત્નો પણ થયા. હવે આ છેલ્લો આકરો ઉપાય અજમાવવામાં આવ્યો છે. અધીરાઈ-અજ્ઞાનતા-બેફિકરાઈને ત્યજીને જવાબદાર બનીએ તો દંડ ભરવાનો, અને જીવનમાં દંડ ભોગવવાનો વારો નહીં આવે. ક્ષણીક ઊતાવળ જીવનને દોજખ બનાવે છે. યુવાનો-બહેનો પણ આ નિયમોને સ્વીકારે અને પાલન કરે એમાં સહુની ભલાઈ છે. નવા વર્ષના સંકલ્પોમાં આ બંને સંકલ્પો આવરી લેવા ફરજીયાત છે.

નૂતન વર્ષાભિનંદન, સાલમુબારક કે હેપી ન્યુ ઈયર ?

મનના ઉમંગો
રણછોડ પરમાર

વિક્રમ સંવત-૨૦૭૫ નું જૂનું વરસ વિદાય થયાને અને વિક્રમ સંવત-૨૦૭૬ નું નવું વરસ બેસી ગયાને પૂરા અગિયાર દિવસ વીતી ગયા છે.(પરદુંખભંજન વીર વિક્રમ રાજાને દિવાળી અને બેસતા વર્સના લેખ સિવાય બીજે ક્યાંય અથવા પછી ક્યારે યાદ કરાતા હશે ?) જે લોકો નજીક વસે છે અને નજીકના છે તેઓ નવા વરસમાં તમને મળી ગયા છે. જે લોકો દૂર વસે છે અને મિત્રતાના દોરે બંધાયેલા છે તેમને હજુ મળવાનું બાકી છે. આવા લોકો તો હજુ મહિના સુધી આવતા રહેશે. આમ લગભગ આખો મહિનો નૂતન વર્ષાભિનંદન પાઠવવાનો કમ ચાલતો રહેશે. અમારા જેવા કટાર લેખકો એમનો જ્યારે વર્ષનો પ્રથમ લેખ છપાય ત્યારે સાલ મુબારક કહે છે. એ ન્યાયે હું આજે તમને સહુને નવા વરસની શુભેચ્છાઓ પાઠવું છું.

વધુમાં ગાંધીનગર સમાચારના વાચકમિત્રો(આ કોલમ વાંચતા હોય કે કદીયે ના વાંચતા હોય તે તમામ અને આજે ભૂલથી વાંચવાનું શરૂ કર્યું હોય તો તેમને પણ) , સર્વે કર્મચારી મિત્રોને અને આ બધાને એકજુથ રાખી યોગ્ય દિશામાં ગતિ કરાવનારા શ્રી કૃષ્ણકાંતભાઈ જહાને નવા વરસની શુભેચ્છાઓ પાઠવું છું. વધારામાં આપણું વર્તમાનપત્ર અધિકાધિક પ્રગતિ કરે તેવી પ્રભુને પ્રાર્થના કરું છું.

જે લોકો નવા વરસના શરૂઆતના દિવસોમા મળવા આવ્યા હશે એમને એક ફાયદો થયો હશે. તેમની સામે ટીપોય પર જાતજાતના નાસ્તા અને મીઠાઈઓની વાટકીઓ ભરેલી પડી હશે. યજમાન '' આ ખાવ, પેલું ખાવ, અરે આ તો તમે ચાખ્યું જ નહીં. આ હલવો ખાસ મુંબઈથી મંગાવ્યો છે, , આ સૂકા પાત્રા ખાવ એ બીજે ક્યાંય તમને જોવાય નહીં મલે ? તબિયતની કશી ચિંતા ના કરો, અમે બધી આયટમ ઘેર બનાવી છે, '' આવી ઘણીયે વાતો તમને સાંભળવા મળી હશે. અને તમે જે વસ્તુ ભાવતી હશે એ ઘણી હોંશથી ખાઈ શક્યા હશો. જેમ ફાયદો છે તેમ એક નુકશાન પણ છે. તમને કોઈ વસ્તુ ગરમાગરમ મળતી નથી. હા, એક ચા ગરમ મળી શકે , પણ એ કંઈ બધાના ઘેર થોડી પી શકાય ?

દસ દિવસ પછી આવનારાને એક ફાયદો થાય છે. એટલા દિવસમાં પેલા મઠિયા ચોળાફળી અને બીજા ચવાણાના ડબ્બા ખાલી થઈ ગયા હોય છે અને એમને ગરમાગરમ નાસ્તો મળે છે. મસ્ત મઝાની ચા પણ મળે છે. અહીંથી બીજે ક્યાંય જવાનું નહીં હોવાથી આખો કપ ભરેલી ચા તબિયતથી પીવાની ખરેખર મઝા આવે છે. જેમ મોડા આવવામાં એક ફાયદો છે તેમ એક ભારે નુકશાન પણ છે. મીઠાઈનું, સાલું, મીઠાઈ કોઈ ફરીથી લાવતું નથી, બનાવતું નથી.

આ તો થઈ આપણી અંદર અંદરની વાતો. થોડીક આપણા સમાજની અને દેશની વાત પણ કરવી જોઈએ. ગયા આખાયે વરસમાં મંદી છે , મંદી છે એવી વાતો ચાલતી રહી. સરકારે જો કે કદીયે સ્વીકાર્યું નહીં કે હા ભાઈ મંદી છે. અરે એક મંત્રીશ્રીએ તો જાહેરમાં કહ્યું કે કેટલીક સિનેમાઓ બેચાર દિવસમાં કરોડોનો બિઝનેસ કરે છે. તો પછી મંદી શેની કહેવાય ? જો કે પછી મંત્રીશ્રીએ પોતાનું અઘટિત નિવેદન પાછું ખેંચી લીધું હતું. પણ દશેરાના દિવસે દર વરસ કરતાં ઓછી ગાડીઓનું વેચાણ થયુ છે એવા બીજા દિવસના વર્તમાનપત્રમાં અહેવાલ હતા. થોડા દિવસ પહેલાં દેશમાં નોટબંધી પછી નેવું લાખ નોકરીઓ ઘટી હોવાનો અહેવાલ આવ્યો હતો. સરકારે આનો કોઈ ખુલાસો કર્યો નથી. લોકસભાની ચૂંટણીઓમાં ભાજપે ભારે સપાટો બોલાવ્યો હતો. પણ હમણાં થયેલી મહારાષ્ટ્ર અને હરિયાણાની ચૂટણીમાં તેઓને ધાર્યા મુજબની બેઠકો મળી નથી. હરિયાણામાં નવા બનેલા પક્ષની મદદથી સરકાર બનાવી શકાઈ છે. મહારાષ્ટ્રમાં ભાજપ અને શિવસેનાના ગઠબંધનને સરકાર બનાવી શકાય તેટલી સીટો મળી છે . પણ મુખ્યમંત્રી કોણ બને એ મુદ્દે મામલો ગુંચવાયો છે. પ્રજા બંને પક્ષનો તમાશો જોઈ રહી છે.

ગયા વરસે એક બહુ મોટું ગણાય તેવું કામ થયું છે. કાશ્મીરને લગતી કલમ-૩૭૦ ને બંધારણમાંથી દૂર કરવામાં આવી છે. ભાજપ અસ્તિત્વમાં આવ્યો ત્યારથી દરેક ચૂટણીમાં તેમના ઢંઢેરામાં ૩૭૦ મી કલમ દૂર કરવાનું વચન આપવામાં આવતું હતું. જે આ વખતે પૂર્ણ કરવામાં આવ્યું છે. આમ થવાથી કાશ્મીરમાં અન્ય રાજ્યના લોકો વસવાટ કરી શકશે અને વેપાર ધંધો પણ કરી શકશે. આમ કાશ્મીર હવે ખરા અર્થમાં ભારત સાથે જોડાઈ શકશે. લડાખ અલગ કેંદ્રશાસિત રાજ્ય બન્યું હોવાથી તેનો જરૂરથી વિકાસ થશે પણ સમગ્ર પ્રદેશમા સુખશાંતિ અને વિકાસ થશે કે નહીં એ તો ચારપાંચ વરસ પછી જ કહી શકાય. એવું જ આતંકવાદ ખતમ થશે કે નહીં એ અત્યારે કહી શકાય તેમ નથી.

નવા વરસમાં રામમંદિરની જમીનનો ચુકાદો આવવાનો છે. એ કોની તરફેણમાં આવશે એની કોઈ કલ્પના કરી શકાતી નથી. જો રામમંદિર બનાવવાનો રસ્તો ખુલશે તો ભાજપ માટે બહુ ફાયદા કારક થશે.પછી સર્જિકલ સ્ટ્રાઈકથી જેમ નોટબંધી અને જીએસટીથી લોકો પોતાને પડેલી મુશ્કેલીઓ ભૂલી ગયા હતા તેમ આ સરકારની બધીયે ક્ષતિઓ દબાઈ જશે અને લોકો પોતાની હાલાકીઓ ભૂલી જઈ ફરીવાર ખોબલે ખોબલે નહીં પણ તબાકડા ભરીને મત આપશે એ નિશ્ચિત છે. જો એથી વિરુધ્ધનો ચુકાદો આવશે તો પણ ભાજપને કોઈ ગેરફાયદો નહીં થાય. રામમંદિરનો પ્રશ્ન ગુંચવાઈને લટકતો રહેશે. એ પણ એમને અનુકૂળ રહેશે.

ગયા વરસે મોડો મોડો વરસાદ આવ્યો અને હજીયે આવતો રહે છે. ગુજરાતના કપાળે તો એક પછી વાવાઝોડા લખાણાં છે. હજી ચોમાસામાં ખેડૂતોને થયેલા નુકસાનનો સવાલ તો ઉકલ્યો નથી ત્યાં આ વાવાઝોડા નવા નવા ડખા લઈને આવે છે.

છેલ્લી પેટાચૂંટણીમાં છ બેઠકોમાંથી ત્રણ બેઠકો કોંગ્રેસ જીતી ગઈ અને અમરાઈવાડીમાં જીતતાં જીતતાં રહી ગઈ. બે પાટલી બદલું નેતાઓ બૂરા હાલે હાર્યા. એ બહુ સારું થયું. પાટલીબદલું ગમે તે પક્ષનો હોય તે હારવો

અનુસંધાન પાના નં ૭ પર

શાંતિનું સાધન : ક્ષમા

ગઢડા શહેરની બજારમાં ટપોટપ બંધ થવા માંડી, મહાજનો કંઈક અજુગતું થયાના અણસારે ભેગા થવા માડ્યા... અરે ! આવું ના ચાલે, એમને બતાવી દેવું પડશે ? આજે ન બોલીયે તો એ કાલે શું યે કરશે ? સૌની જીભોને આક્રોશે આગ્રોસમાં લીધી હતી. પ્રસંગ કંઈક એવો હતો કે.... એક જૈન મહાનજ શેરીમાંથી પસાર થતાં હતાં ને તે સમયે ત્યાંથી સામે આવતો એક છોકરો થૂંક્યો તે વાયુને લહેરકે તેની ઝેણ આ મહાજનને અડી. અને મહાજને દેકારો મચાવ્યો. વાતનું વતેસર થયું. દીકરાનો બાપ સ્વામિનારાયણનો આશ્રિત હતો. જેથી વિના કારણ સ્વામિનારાયણ ભગવાનને પણ મહાજનો આક્રોશની આગમાંઘેરી લીધા. ભગવાન સ્વામિનારાયણને ખબર પડી કે અમારા આશ્રિતના દીકરાને કારણે મહાજન બજાર બંધ કરી બેઠા છે, તો અમારે ત્યાં જવું જ પડશે. અંગત આશ્રિતોની સાથે સ્વામિનારાયણ મહાજનો પાસે પહોંચ્યાં. હાથ જોડી નમ્રતાપૂર્વક 'મહાજનો મોટા મનનાં હોય, અમારી ભૂલ માફ કરો ! ને બજાર ખોલી નાંખો.' અરે ! ભગવાન તમારી નહીં. પેલા છોકરાની... ના ... ના તમે અમને માફ કરો. બજાર ખોલી નાંખો. ભગવાનને ફરી ફરી વિનંતી કરતાં રહ્યાં. મહાજનોનો આક્રોશ ક્યાંય ઓગળી ગયો. અરે ! હજારોના ઈષ્ટદેવ વગર વાંકે મહાજનની માફી માંગે ? સૌને પોતાની ભૂલ સમજાય ને બજાર ફટાફટ ખૂલી ગઈ.

તા. ૨૪.૦૯.૨૦૦૨ સાંજે ૪.૪૫ કલાકે બે શસ્ત્રધારી ત્રાસવાદી ફ્રેન્સીંગ કુદી અક્ષરધામમાં ઘૂસ્યા. અંધાધુળ ગોળીબાર શરૂ કર્યો. ૨૧ નિર્દોષ દર્શનાર્થી, સ્વયંસેવકો, કમાન્ડો એક સાધુએ પણ જીવ ગુમાવ્યો. ૨૩ પોલીસકર્મીને ૮૦થી વધુ લોકો ઘવાયા. પ્રમુખસ્વામીના હૃદયસમા અક્ષરધામ પર આ હુમલો હતો. હોટલાઈન પર સી.એમ., પી.એમ. થી લઈ ભારતના રાષ્ટ્રપતિ એ પી જે અબ્દુલ કલામ પણ પ્રમુખ સ્વામિ મહારાજના સંપર્કમાં હતા. આ તો પોતાના ઘર પર હુમલો હતો. પ્રમુખ સ્વામીને પ્રતિક્રિયા આપવાનો અધિકાર હતો. સારંગપુર બિરાજમાન સ્વામીશ્રીએ કોઈ પ્રતિક્રિયા ન આપતાં સૌને શાંત રહેવા અપીલ કરી. પોતે પણ પ્રાર્થનામાં જોડાયાને સમગ્ર વિશ્વને પણ પ્રાર્થના કરવાનું કહ્યું કે આતંકવાદી પકડાઈ જાય. વધુ હિંસા ન થાય. ભગવાન એમને સદ્‌બુદ્ધિ આપે. જો આવેશમાં પ્રતિક્રિયા આપી હોત તો સમગ્ર ભારત કોમી હુતાશીની આગમાં ધકેલાઈ ગયું હોત. આતંકવાદીને પણ એજ કરવું હતું પણ તેઓના ઈરાદા કામયાબ ન થયાં. પ્રમુખ સ્વામી સારંગપુરથી ગાંધીનગર અક્ષરધામ પધાર્યા. જયાં મૃતાત્માને પવિત્ર જળ, પુષ્પો, છાંટી અંજલિ આપી. ઘાયલોની ખબર કાઢી જલ્દી સારા થાય એ માટે પ્રાર્થના કરી. બંને આતંકવાદી જયાં મર્યા તે જગ્યાએ જઈ જળ અને પુષ્પો વેર્યા. આંખોમાં લેશમાત્ર આક્રોશ ન હતો. ભગવાનને પ્રાર્થના કરતા બોલ્યા, આવા આતંકના વિચારો કોઈના મનમાં જન્મે નહીં. આવી કરુણ ઘટનાની વિશ્વમાં કોઈ દેશ કે સમુદ